સને ૨૦૧૫-૧૬ ના વર્ષની અંદાજપત્ર
માંથી જુન - ૨૦૧૫ થી જુલાઇ -૨૦૧૫
સુધીની ગ્રાન્ટ ફાળવણી અંગે. માંગણી
નં. ૨૭ મુખ્ય સદરઃ ૩૪૩૫

ગુજરાત સરકાર
વન અને પર્યાવરણ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ- ઈએનવી-૧૦૨૦૧૪-૧૫૭૧-ઇ
સચિવાલય, ગાંધીનગર.
તા. ૧૯-૦૬-૨૦૧૫.

વંચાણે લીધાઃ
(૧) ગીર ફાઉન્ડેશન ,ગાંધીનગરનો તા. ૧૮.૦૩.૨૦૧૫ નો પત્ર ક્રમાંકઃ બજટ-૨-અ-૯૬૪૨-૨૦૧૪-૧૫
(૨) વન અને પર્યાવરણ વિભાગનો તા. ૦૧.૦૪.૨૦૧૫ ના ઠરાવ ક્રમાંક-ઇએનવી-૧૦૨૦૧૫-૧૫૭૧-ઇ
(૨) વન અને પર્યાવરણ વિભાગનો તા. ૨૮.૦૫.૨૦૧૫ ના ઠરાવ ક્રમાંક બજટ-૧૦૨૦૧૫-૨૭૨૧૭૦-બ

આમુખઃ

વર્ષ ૨૦૧૫-૧૬ માં ગુજરાત ઇકોલોજિકલ એજયુકેશન એન્ડ રિસર્ચ (ગીર) ફાઉન્ડેશન, ગાંધીનગરને ગુજરાત પરિસ્થિતિ વિષયક શિક્ષણ અને સંશોધન સંસ્થા માટે અંદાજપત્રમાં ચાલુ બાબત માટે રૂ. ૧૨.૦૦ લાખ(અંકે રૂપિયા બાર લાખ પુરા) અને નવી બાબત માટે રૂ. ૨૩૭.૦૦ લાખ (અંકે બે કરોડ સાડત્રીસ લાખ પુરા) મળી કૂલ રૂ. ૨૪૯.૦૦ લાખ (અંકે રૂપિયા બે કરોડ ઓગણપચ્ચાસ લાખ પુરા) ની જોગવાઇ કરવામાં આવેલ છે.

ઠરાવ :

સંદર્ભ (૧) ના તા. ૧૮.૦૩.૧૫ પત્રથી ગુજરાત ઇકોલોજિકલ એજયુકેશન એન્ડ રિસર્ચ (ગીર) ફાઉન્ડેશન ,ગાંધીનગરે સને ૨૦૧૫-૧૬ ના વર્ષમાં અંદાજપત્રમાં કરવામાં આવેલ રૂ. ૨૪૯.૦૦ લાખ (અંકે રૂપિયા બે કરોડ ઓગણપચ્ચાસ લાખ પુરા) ની જોગવાઇ અન્વયે વહીવટી મંજૂરી આપવા માટે દરખાસ્ત કરેલ છે.

સંદર્ભ (૨) ના તા. ૦૧.૦૪.૨૦૧૫ ના ઠરાવથી ગુજરાત ઇકોલોજિકલ એજયુકેશન એન્ડ રિસર્ચ (ગીર) ફાઉન્ડેશન, ગાંધીનગરે અંદાજપત્રમાં કરવામાં આવેલ રૂ. ૨૪૯.૦૦ લાખ (અંકે રૂપિયા બે કરોડ ઓગણપચ્ચાસ લાખ પુરા) ની જોગવાઇ અન્વયે વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે.

સંદર્ભ (૩) ના તા. ૨૮.૦૫.૨૦૧૫ ના ઠરાવથી વિભાગની બજેટ શાખા દ્વારા જુન-૨૦૧૫ થી જુલાઇ -૨૦૧૫ સુધીના સમયગાળા માટે ગુજરાત ઇકોલોજિકલ એજયુકેશન એન્ડ રિસર્ચ (ગીર) ફાઉન્ડેશન, ગાંધીનગરને રૂ. ૪૧.૫૦ ( અંકે રૂપિયા એકત્તાળીસ લાખ પચ્ચાસ હજાર પુરા)ની ગ્રાન્ટ ફાળવણી કરવામાં આવેલ છે.

ગુજરાત ઇકોલોજિકલ એજયુકેશન એન્ડ રિસર્ચ (ગીર) ફાઉન્ડેશન, ગાંધીનગરને જુન-૨૦૧૫ થી જુલાઇ -૨૦૧૫ સુધીના ખર્ચ ને પહોંચી વળવા માટે રૂપિયા માટે રૂ. ૪૧.૫૦ ( અંકે રૂપિયા એકત્તાળીસ લાખ પચ્ચાસ હજાર પુરા) ની સહાયક અનુદાન ની રકમ ફાળવવામાં આવે છે. આ અંગેનો ખર્ચ નીચેની શરતો ને આધિન કરવાનો રહેશે.

શરતોઃ-

(૧) આ યોજના અંગેનો ખર્ચ તા. ૦૧.૦૪.૨૦૧૫ થી કરવાનો રહેશે.

(૨) આ ગ્રાંટ તમામ વિગતવાર સદરે મંજૂર કરવામાં આવેલ જોગવાઇની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

(૩) પગાર ભથ્થાઓના ખર્ચને પ્રથમ અગ્રિમતા આપવાની રહેશે.

(૪) ફાળવેલ ગ્રાંટથી વધારે ખર્ચ કરનાર અંગત રીતે જવાબદાર રહેશે.

(૫) સક્ષમ અધિકારીશ્રીની પૂર્વ મંજૂરી મેળવીને જ ખર્ચ કરવાનો રહેશે.

(૬) ફાળવેલ ગ્રાંટમાંથી ગ્રાંટ ઇન એઇડ સંસ્થાના પગાર ભથ્થાઓની રકમ પી.એલ.એ માં જમા કરી શકાશે. તે સિવાય કોઇપણ રંકમ પી.એલ.એ. માં જમા કરી શકાશે નહીં.

(૭) ફાળવવામાં આવેલ ગ્રાંટના બજેટ પેટા સદરના ખર્ચ પત્રકો દર માસની ૧૦ મી તારીખ સુધીમાં હિસાબી શાખા તથા સંબંધીત ગ્રાંટ ફાળવણી શાખા અધિકારીશ્રીને મોકલી આપવાના રહેશે.

(૮) થયેલ ખર્ચની માહિતીની વિગત પત્રકમાં દર માસની ૧૦ મી તારીખ સુધીમાં હિસાબી શાખા તથા સંબંધિત ગ્રાંટ ફાળવણી શાખા અધિકારીશ્રીને ન મળે તો તે પછીના હપ્તાની ગ્રાંટ મોકુફ રાખવામાં આવશે.

(૯) કચેરી ખર્ચના સરકારશ્રીની પ્રવર્તમાન કરકસરની નીતિને ધ્યાનમાં રાખી ખર્ચ કરવાનો રહેશે.

(૧૦) વર્ષ આખરે બાકી રહેતી બચત સુપ્રત કરવાની રહેશે.

(૧૧) વર્ષ દરમ્યાન કરેલા ખર્ચના હિસાબનું ઓડિટ કરેલું પત્રક રજુ કરવાનું રહેશે.

(૧૨) જે હેતુ માટે જોગવાઇ કરવામાં આવી હોય તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે. અન્ય કોઇ હેતુ માટે ખર્ચ કરી શકાશે નહીં.

(૧૩) આ મંજૂરી અન્વયે કોઇ પણ ખરીદી/ખર્ચ સરકારશ્રીની પ્રવર્તમાન સુચનાઓ/નિયમો અને નિયત કાર્યપધ્ધતિથી કરવાનો રહેશે.

(૧૪) આ બાબત/કામ માટે ટેન્ડર પ્રોસેસીંગ બાબતમાં ઉધોગ અને ખાણ વિભાગના તા. ૨૨.૧૧.૨૦૦૬ ના ઠરાવ ક્રમાંકઃ એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/છ અન્વયેઇ-ટેન્ડરીંગ બાબતમાં જણાવેલ જોગવાઇ/સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

આ અંગેનુ ખર્ચ નીચે દર્શાવેલ આયોજન હેઠના બજેટ સદરે ઉધારવાનું રહેશે.

| | | |
|---|---|---|
| માંગણી ક્રમાંક | : | ૨૭ (આયોજન) |
| સેકટર | : | (ગ) આર્થિક સેવાઓ |
| પેટા સેકટર | : | (ટ) વિજ્ઞાન, પ્રોધોગિકી અને પર્યાવરણ |
| મુખ્ય સદર | : | ૩૪૩૫ પરિસ્થિતિ વિજ્ઞાન અને પર્યાવરણ |
| પેટા મુખ્ય સદર | : | ૦૩ પર્યાવરણલક્ષી સંશોધન અને પરિસ્થિતિ વિજ્ઞાનલક્ષી પુનઃ નિર્માણ |

ગૌણ સદર : ૦૦૩ પર્યાવરણલક્ષી શિક્ષણ/તાલીમ વિસ્તરણ

પેટા સદર : ૦૨ ઇપીસી - ૨ ગુજરાત પરિસ્થિતિ વિષયક શિક્ષણ અને સંશોધન સંસ્થાને સહાયક અનુદાન

આ હુકમો સરખા ક્રમાંકની ફાઇલ ઉપર અધિક મુખ્ય સચિવશ્રીની તા. ૧૮/૦૬/૧૫ ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(દર્પણા ધીમ્મર)
સંયુકત સચિવ
વન અને પર્યાવરણ વિભાગ

પ્રતિ,

- નિયામકશ્રી ગીર ફાઉન્ડેશન, ઇન્દ્રોડા પ્રકૃતિ ઉધાન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, બહુમાળી ભવન,લાલ દરવાજા,અમદાવાદ
- સીનીયર ડેપ્યુટી એકાઉન્ટન્ટ જનરલ શ્રી, ગુજરાત રાજ્ય, રેસકોર્સ રાજકોટ,
- હિસાબ અને તિજોરી નિયામક શ્રી, ગુજરાત રાજ્ય, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિવાસી હિસાબી અધિકારી શ્રી, ગુજરાત રાજ્ય, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- પગાર અને હિસાબ અધિકારી શ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર/ અમદાવાદ.
- રોકડ શાખા, વન અને પર્યાવરણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર. (ત્રણ નકલમાં)
- તિજોરી અધિકારી શ્રી, જિલ્લા સેવા સદન, સેક્ટર ૧૧, ગાંધીનગર ( ત્રણ નકલમાં)
- નાણા વિભાગ, ક શાખા, ૫, સરદાર પટેલ ભવન, સચિવાલય, ગાંધીનગર.
- નાણાકીય સલાહકાર શ્રી, વન અને પર્યાવરણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- વિભાગની બજેટ શાખા
- શાખા સિલેક્ટ ફાઇલ - ૨૦૧૪-૧૫.
- નાયબ સેક્શન અધિકારીશ્રી, સિલેક્ટ ફાઈલ.
- આઇ-ટી સેલ(વેબસાઇટ ઉપર અપલોડ કરવા માટે)